






ફૂટેલાં તંત્રે, ઠેર ઠેર છીંડા, નિયમો ટૂટે છે,
લૂંટે દલાલો અને રોજરોજ પેપર ફૂટે છે,
ઉઠે છે વિશ્વાસ સરકારી-પરીક્ષાઓમાંથી -
ચૂંટે વગ, છૂટે ભૂખ્યા ગોધા, પ્રજા માથાં ફૂટે છે.

મૂષકો ચૂં ચૂં -
વડા પદનો ઘંટ
કોને બંધાસે?
(સ્વાર્થનો સંબંધ)

વાગી બેસૂરી
'મોરલી' મનોહર -
ગંગા સફાઇ..
(- પચાસ વર્ષે નહીં થાય)




## ચિંતન

**ઉપકારાય લોકાનાં નિમિત્તાન્મૃગ યક્ષિણામ્ ।**
**ભયાલ્લોભાચ્ચ મૂર્ખાણાં મૈત્રી સ્યાદર્શનાત્સતામ્ ॥**

સામાન્ય રીતે મૈત્રી એકબીજા પર કરેલા ઉપકાર, કોઇ કામ કરી આપ્યું હોય તેને કારણે થતી હોય છે, તો પશુ-પક્ષીઓ સાથેની મૈત્રી એકબીજાના ઉપકાર-આશ્રય-ભરણપોષણને કારણે થતી હોય છે. દા.ત. ગાય-ભેંસ-કૂતરાં-બિલાડાં આપણાં પાળેલાં હોય. આપણે એમને રક્ષણ આપીએ એ વ્હાલ સાથે આપણા પ્રત્યે વફાદારી દાખવે અને દૂધ આપે એવો સ્વાર્થ પણ આપણને હોય છે. ઘોડા સવારીમાં કામ આવે - કૂતરો ચોકી કરે વગેરે..

જયારે મૂર્ખ માણસની મૈત્રી ભયને કારણે ટકતી હોય છે, કે લોભને કારણે થાય છે શારીરિક-બળ અને રક્ષણની અપેક્ષાથી મૂર્ખ માણસ શક્તિશાળી સાથે મૈત્રી બાંધે છે.

પરંતુ સજ્જન-જ્ઞાની-વ્યક્તિના માત્ર પ્રભાવ અને તેજસ્વી ઓજસથી સ્વભાવિક રીતે પ્રિય અને મૈત્રીસભર બની જાય છે. એ મૈત્રી સ્વાભાવિક - નિઃસ્વાર્થ હોય છે.

## સુવિચાર

- પ્રેમ સે તો સારે જહાં પે અસર હોગી.. અગર નહીં હોગી તો સમજો... હમારી કહીં કસર હોગી - **ઓશો**
- માણસનું હૃદય જયાં સુધી પરમાત્માનું મંદિર ન બને ત્યાં સુધી બીજા કોઇ મંદિરમાં પરમાત્મા તેને મળશે નહીં - **કે.કા. શાસ્ત્રી**
- જે કોઇની ટીકા ન કરતો હોય તેને બીજાઓ તેની ભૂલોને માફ કરતા દેખાશે- **હરિન્દ્ર દવે**
- જુલ્મ કરનાર, તેને મદદ કરનાર તેના જુલ્મથી રાજી થનાર એ ત્રણેય સરખા ગુનેગાર છે - **હદીસ બોધ**
- નિરાશ થયા વગર પરાજય સહન કરી લેવો તે સાહસની મોટામાં મોટી પરિક્ષા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસની વિસ્તરવાની ઝંખના એટલી જ સાચૂકલી હોય છે જેટલી કોઇ વૃક્ષની સૂર્યપ્રકાશ માટેની ઝંખના હોય છે - **સ્ટીફન કોવી**
- માણસને કશુંક ગમતું હોય ત્યાં સુધી એને સાવ એકાકી ના ગણાય - **અનામી**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ઘણીવાર ભક્તો કથા વચ્ચે નાચે-કૂદે, વરઘોડા-પાલખી-સંત સ્વાગતમાં-પૈસા ઉડાળે - જંગી સરઘસ કાઢે હાથી-હેલીકોપ્ટર-ઘોડા-ઊંટના ઉપોયગ કરે એ બધું સાચા સાધુ-સંતને ગમતું નથી હોતું પણ સમાજ અને શિષ્યોનું મન રાખવા પોતાનું મન મનાવવું પડે છે.

સૂફી સંત બાયઝિદ પોતાની મરજીના માલિક હતા. તેને ઘણા સામાજિક રીતરિવાજ દંભ-દેખાડા ગમતા નહીં. ઘણીવાર તો એ આવા દંભનો ખૂલ્લો વિરોધ કરતા.

એકવાર બાયઝિદ મક્કા-મદીનાની પવિત્ર હજ યાત્રા કરી પરત ફરતા હતા ત્યાં રસ્તામાંએક નાનું ગામ આવ્યું. ગામમાં મુસ્લિમ વસતી હતી બાયઝિદના સન્માન-સ્વાગત માટે એકત્ર થયા.

બાયઝિદ આવા માન-સન્માનના વિરોધી હતા. એ માનતા લોકો ને ખરેખર હૃદયથી પ્રેમ હોતો નથી પણ પોતાનું, ગામનું સારું લગાડવા જ આવાં ફિતુર થતાં હોય છે. રોજા ચાલતા હતાં છતાં ગામ આખું એકત્ર થયું હતું. બાયઝિદ પણ અનિચ્છાએ સિંહાસન જેવી ખૂરશીમાં બેઠા...

..ત્યાં પાઉં-રોટી-નાન વેચનારની લારી પસાર થઇ. બાયઝિદ ઉઠ્યા, દોડયા અને લારીમાંથી નાન ખરીદી સન્માનની ખૂરશીમાં બેસી ખાવા લાગ્યા. રોજામાં એક પવિત્ર મુસ્લિમની આ હરકત જોઇ, ભેગા મળેલા લોકો કીડીઓ પર કેરોસીન પડે એમ વિખરાઇ ગયા.. પ્રજા-પ્રેમનું બાષ્પીભવન થઇ ગયું. બાયઝિદ સ્મિત સાથે દૃશ્ય જોતા રહ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# હું માનવી ક્યારે માનવ થઇશ...!

**વિચારયાત્રા**
**- ડો. જય ઓઝા**

થોડા મહિના અગાઉની એક વહેલી સવારમાં શહેરની ફૂટપાથ પર ગરીબ ભિખારી જેવો માણસ કોઈક દર્દથી કણસતો હતો. કોઈ મને દવાખાને લઈ જાવ, હે ભગવાન મને ઉપાડી લે- જેવી બૂમો પાડી રહ્યો હતો તૂટયા- ફૂટયા થોડા સામાન-ગાભા જેવી તેની - ઘરવખરી - આસપાસ વિખરાયેલી પડી હતી.

તમાશાને તેડું નહીં... એ ન્યાયે જિંદગી સાથે મોતનો ખેલ જોવા ધીરે ધીરે ટોળું થતું ગયું. લોકો તેની હાલત જોઈ અરેરાટી કરતા ગયા ને આગળ વધતા ગયા.

કોઈ નાકે હાથ દાબી તો કોઈ અરેરે બિચારો ચાલો છૂટી જશે હવે એમ બબડી પોતપોતાના રસ્તે પડતા ગયા. એક માણસની નજર વળી પેલાની ઘરવખરીમાંના થોડા રૂપિયા પર પડી. હળવેથી પગ વડે સેરવી તે પણ મનમાં મલકાતો વાટે પડી ગયો.

માનવી ત્યાં એકેય ના આવ્યો. બધા તમાશબીન જ આવ્યા. પણ માનવતા પરથી હજુ ઈશ્વરે આશા નહોતી ગુમાવી એથી એક દયાવાન દંપતીએ ટોળું જોઈ ગાડી ભી રખાવી ને તરત પેલા ગરીબને અંદર બેસાડી હોસ્પિટલ ભણી હંકારી ગયા.

પ્રેમ અને કરુણા એ ઈશ્વરે આશાવાદ સાથે સૃષ્ટિને આપેલી ભેટ છે પણ અમાનવીયપણું, એ સ્વાર્થી માનવ સમુદાયનું સર્જન બની ગયું ત્યારથી ઈશ્વરનો એ આશાવાદ અને સંદેશ ખલાસ થતાં ગયા. હાલના સંજોગો જોતાં ઈશ્વરે પણ કદાચ ફરી વિચારવું પડે કે ભૂલ ક્યાં થઈ!

ધાર્મિક કટ્ટરતા, ઝેર ઓકતો આતંકવાદ અને ક્રૂરતાએ માનવતા અસ્તિત્વ પર અનેક પ્રશ્નો અને પડકારો ખડા કરી દીધા છે જયાં જુઓ ત્યાં માનવતાવિહીન કરતૂતો કાતિલ અટ્ટહાસ્ય કરતાં કત્લેઆમ મચાવી રહ્યાં છે. ઝેરીલો આતંકવાદ ઈશ્વરના આદેશને કે તેમના આશાવાદને કોઈ શરતે સ્વીકારવા તૈયાર નથી.

વિખવાદ, હિંસા, ધર્મઝનૂન આજના આવા અમાનવીય તત્ત્વો માટે સરળ હથિયાર બની ચૂક્યાં છે. જયાં જુઓ ત્યાં મારો-કાપો, લૂંટો, બાળી નાખોના માહોલમાં શાંતિ, સંવાદ અને પ્રેમ લપાતા ફરે છે. માનવતાને ઠરવા માટે ઠેકાણું જડતું નથી.

મોટી મોટી ક્રાંતિઓ કરી જગતના સંચાલનને તેના રહસ્યોને મુઠ્ઠીમાં ભરી મલકાતો માનવી ચારે દિશાઓમાં પોતાની શોધ-સફળતાનો ઝંડો ખોડતાં જાય છે. બ્રહ્માંડમાં ઉપગ્રહો છોડતા જઈને તેને પણ ઓપન સિક્રેટ બનાવવા માટે છે પણ પૂર્વગ્રહો છોડવાની વાત ક્યાંય આવતી નથી.

પોતે કોણ છે, ક્યાંથી આવ્યો છે તેનું રહસ્ય શોધવા તે તલપાપડ છે પણ કેમ આવ્યો છે, આવીને શું કરવાનું તેનું કર્તવ્ય છે અને કયાં જવાનું છે તે બાબતે એટલો ગંભીર નથી.

સ્થૂળતાની ભ્રામક ચેતના- ખ્યાલ છૂટે તો સૂક્ષ્મતા તરફનું પ્રયાણ આદરી શકાય. માનવતાવાદ અને ઈશ્વરનો આશાવાદ સાથે વચ્ચેનું સત્ય એ જ જીવનનો ઉદ્દેશ સમજવો.

આજે જગતમાં પૈસાથી બધું મળી રહે છે, સાચો માનવી મળતો નથી. મહોરાઓની ભીડમાં માનવીય ચહેરો ખોવાતો જાય છે તે આજના સ્વાર્થવાદની દેણ છે.

ભૌતિક જગત સ્થૂળતાનું પ્રતીક છે. નજર સામે દેખાતા ભ્રામક સુખોની માયાજાળ માણસની આધ્યાત્મિક ઉન્નતિને રોકનાર નીવડે છે. સ્વયંની શોધ કરવી હોય તો જ્ઞાનની આંખો ખોલવી પડે. અને દયા- માયા- પ્રેમ તથા કરુણાસભર માનવતાથી જરૂરી એવા જ્ઞાનની આંખો (જ્ઞાનચક્ષુઓ) ખૂલી શકે છે. પણ સમસ્યા ત્યાં છે કે અજ્ઞાનતાનો અંધકાર પેલા દિવ્યચક્ષુને ખૂલવાની તક આપતો જ નથી અને માનવી નિજીસ્વાર્થમાં રચ્યા પચ્યા રહીને સ્વકેન્દ્રિતાના વર્તુળમાં જ ગોળગોળ ફર્યા કરી તેને જ જીવનનો ઉદ્દેશ માની બેફામ જીવી રહ્યા છે.

આ સૃષ્ટિ એક નિયમથી ચાલે છે. જે કુદરતદત્ત કાળચક્ર છે. માનવી જે કાંઈ કરે તે વિચારે છે તે મોટાભાગે પોતપોતાની પ્રકૃતિદત્ત હોય છે. જરૂર છે કુદરતના નિયમો સાથે પોતાની પ્રકૃતિનું સમાધાન સાધી ઉચ્ચગુણોને મન તથા જીવનમાં વસાવવાની.

પેલા ભિખારીને મરતો- પીડાતો જોઈ પચાસ જણે કરેલી અરેરાટી કે અફસોસથી કોઈ કિંમત ના હોય પેલા દંપતીનું એક જ માનવતાવાદ તરફનું ડગલું એ આગળ કહ્યું તેવું સુંદર સંયોજન છે, સમાધાન છે. અને માનવતા ત્યારે જ ખીલી શકે જયારે આવું શક્ય બને. એક સમયે ઈશ્વરવાદને કે તેની સંકલ્પનાને બાજુએ મૂકીને ફક્ત કુદરતના સહજ નિયમોને અનુસરવાની સમજ ખીલે, ફક્ત માનવીય ગુણોનો મન તથા હૃદયમાં આવિષ્કાર કરાય તો પણ આ સંસાર જીવવાલાયક રહે.

પરસ્પર સંપ, સહિષ્ણુતા અને નિઃસ્વાર્થતા એ પ્રત્યેક માનવીનું વણલખ્યું, વણકહ્યું કર્તવ્ય હોવું ઘટે છે જેનો આજે સદંતર લોપ છે, અભાવ છે.

મહત્ત્વનું એ નથી કે તમે માણસ છો એ તો ઈશ્વર કહો કે પરમતત્ત્વ કહો તેમનું અવિરત સર્જન છે જ, મહત્ત્વનું એ છે કે તમે કેવા માણસ છો.

દુનિયામાં આવ્યા તે ફક્ત મહત્ત્વનું નથી એ તો વગર નામ નોંધાવ્યે આવી જ જવાતું હોય છે ત્યાં ફોર્મ ભરવાનું હોતું નથી! મહત્ત્વનું એ છે કે આવ્યા પછી આ સંસારને આ દુનિયાને આપીને શું જશે, જે હેતુસર ઈશ્વરે તમને જન્મ આપીને પોતાના ઓલવાતા જતા આશાવાદમાં પ્રાણ પૂર્યો હોય છે તેને કેટલો જીવંત બનાવીને જશો તે વધુ મહત્ત્વનું છે.

ભિખારીના પણ પૈસા ચોરી જનાર કેટલો મોટો ભિખારી ગણાય! મન સાથે હૃદયનો પણ ભીખારી!

ભૌતિકવાદના માઈનસ પોઈન્ટ સમાન પ્રલોભનો સંસારમાં અનેક આવતાં રહે છે. સામે દેખાતા રસ્તો ક્યાં જાય છે તે જાણવું એટલું જરૂરી નથી હોતું. પણ એટલું સ્પષ્ટ હોવું જરૂરી છે કે એમાંથી પોતાને ક્યા રસ્તે જવું છે? કયો રસ્તો પોતાની પસંદગીનો હોવો ઘટે છે અને કયા રસ્તે થઈને કે પોતાના મોક્ષનો માર્ગ,આધ્યાત્મિક ઉન્નતિનો રસ્તો શોધી શકાય તેમ છે.

પરમતત્ત્વ સાથે કયા રસ્તે જવાથી જોડાણ થઈ શકે તેમ છે તે સમજવું જરૂરી બને છે. જીવનનું રહસ્ય અને મૃત્યુનો અર્થ શોધવા માટે જ્ઞાન તથા સમાજના અનેક સિદ્ધાંતો આજે નજર સમક્ષ છે. બસ તેમને આત્મસાત કરવા ફક્ત માનવીય ઉચ્ચ ગુણોને જીવનમાં, વર્તનમાં ઉતારવા જરૂરી છે.

હું ઈશ્વરનું માનું છું એવું કહેનારા અસંખ્ય લોકો મળી આવશે અહીં, પણ ઈશ્વરનું માનનારા, તેમના સંકલ્પનાને આશાવાદને અનુસરનારા શોધ્યા નહીં જડે. આ જગતનો નિયમ બની ગયેલો ભૌતિકવાદ આજના માનવીને આવી કોઈ સમજ આપતાં રોકે છે. ઈશ્વરે જેમને બનાવ્યા છે તેઓ જ આજે ઈશ્વરને બનાવે છે અર્થાત્ અજ્ઞાનતા અને સ્વાર્થના ઘોડે સવારી કરતો આજનો માનવી બધું જ વિસારે પાડીને ફક્ત પોતાના સ્વાર્થની ધરીમાં જ ગોળગોળ ફરવા મજબૂર છે.

કોઈ વ્યક્તિએ કેટલા માટે આંસુ સાર્યા તે જેટલું મહત્ત્વનું છે તેટલું જ મહત્ત્વનું છે કે તેના માટે કેટલાએ આંસુ સાર્યા.

આજના યાંત્રિક સમયમાં જયારે પ્રેમ, આત્મીયતા અને દયાભાવના લુપ્ત થતી જાય છે, વૈચારિક ઉચ્ચતા તદ્દન હલકી કક્ષાએ ઉતરતી જાય છે, ત્યારે જરૂર છે રણમાં એક નહીં અનેક ગુલાબ ખીલે.

ક્યાંથી આવ્યા અને ક્યાં જવાનું છે તેનો કોઈ ચોક્કસ પથ-નકશો કોઈએ ક્યાંથી દોર્યો નથી કે દોરાશે નહીં ફક્ત મશીન નહીં માણસ બનીને જીવી લેવાય તે જ જીવન સાર્થક બનશે.

ધર્મના મારો- કાપોના વાડા જયાં સુધી દોરાતા રહેશે, ત્યાં સુધી ખરા ધર્મ અને તેના મૂલ્યો માનવીની સમજ બહાર જ રહી જવા પામશે. લડાવે, તોડાવે, રડાવે ને મારી નખવે તે ધર્મ નથી. ધર્મ તો જીવતા શીખવે છે, અને તે પણ સરળ, શાંત અને સુંદર જીવન.

જીવન જીવવા માટે અન્ય કોઈ ધર્મની ગુલામીભરી, જડ, અંધશ્રદ્ધા યુક્ત વાડાબંધી સ્વીકારવા કરતાં ઉત્તમ છે કે માનવતાને જ શ્રેષ્ઠ ધર્મ તરીકે સ્વીકારી આપણે માનવીઓ માનવ બની બતાવીએ.

# આજના યુવાનોમાં ખુબ જ શક્તિ છે પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કયાં અને કેવી રીતે કરવો તેની એમને ખબર નથી, આના માટે તેમને યોગ્ય દિશા બતાવવી ખુબ જ જરુરી છે

**આદર્શ અભ્યાસની રીત**
**પ્રસંગાસર**
**- મહેશ સુરતવાલા**

સમાજમાં બે પ્રકારના લોકો છે : એક તો (વાલીઓ) જેમની પાસે ભૂતકાળ ઘણો લાંબો છે અને ભવિષ્યકાળ ટૂંકો પડે છે, જયારે બીજા (વિદ્યાર્થીઓ) જેમની પાસે ભૂતકાળ ટૂંકો છે અને ભવિષ્યકાળ લાંબો છે. ભૂતકાળને કોઈ બદલી શકવાનું નથી જે થઈ ગયું છે, વીતી ગયું છે તેને ભૂલી જવાનું. પરંતુ હવે ભવિષ્યમાં આપણે શું કરવાનું છે તે આપણા હાથમાં છે.

આપણા યુવાનોમાં જમાના પ્રમાણે જે બદલાવ, કે પરિપક્વતા આવવી જોઈએ એ આવી નથી, જે બદલાવ આવ્યો છે તે ઘણા દુષણોવાળા છે. આજના યુવાનો ટી.વી. મોબાઈલ, ઈન્ટરનેટ, ફૅશનમાં રચ્યાપચ્યા રહે છે. સંસ્કાર-સિંચનની તો વાત જ બદલાઈ ગઈ છે. યુવાનોમાં સાચો બદલાવ લાવવો જરુરી છે. આ દુનિયામાં સંપૂર્ણ કોઈ જ નથી પરંતુ તેની નજીક પહોંચવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. યુવાનો આગળ વધો. સમાજનો સેવાભાવી વર્ગ તમારી મદદ કરવા માટે તમારી સાથે જ છે.

જીવનમાં સફળ શા માટે થવું છે? ડીગ્રી મેળવવા, પૈસા મેળવવા કે સમાજમાં નામના મેળવવા? એ સાચું નથી. જીવનમાં સફળ એટલા માટે થવું જોઈએ કે સમાજમાં તમારા માતાપિતાનું સન્માન થાય, તેઓને યશ મળે તે મહત્ત્વનું છે. આ માટે ઘણી મહેનત કરવી પડે. સરસ્વતી માતા બધાને વરે નહીં. એના માટે કઠોર પરિશ્રમ કરવો પડો. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. તમારા જીવનમાં અગ્રસ્થાન અભ્યાસનું હોવું જોઈએ. અભ્યાસને પુરેપુરો સમય આપવો જોઈએ. ટી.વી. મોબાઈલ, મોજમજા પછી. એ બધું કરવા માટે આખી જિંદગી પડી જ છે. અભ્યાસમાં પુરેપુરી કાળજી રાખવી ખુબ જરુરી છે. સારી વાત જલ્દી કોઈના મગજમાં આવી નથી પરંતુ જો તમારી જરાક પણ ભૂલ થાય તો બધાને તરત દેખાય આવે છે. અભ્યાસ માટે વ્યવસ્થિત આયોજન - સમયપત્રક બનાવવું જોઈએ. માતાપિતાએ વારંવાર ભણભણ કરવાનું કહેવું ન પડે એવું કંઈક કરવું જોઈએ. ઉલટાનું એવું કંઈક કરો કે જેથી માતાપિતા તમને કહે કે દીકરા કયારનો ભણે છે, ચાલ કયાંક ફરવા જઈએ. આનો સીધો ફાયદો તમને જ થશે. આના માટે તમારે તમારો ધ્યેય નક્કી કરવું પડે કે હું કેટલાં ટકા લાવું તો મને મારી કૉલેજમાં - સારી લાઈનમાં ફ્રી સીટ ઉપર એડમીશન મળે.

આગામી વર્ષમાં તમારે કેટલા ટકા લાવવા છે? આ ટકા દરરોજ તમને તમારી આંખ સામે દેખાવા જોઈએ કે જેથી તમને વારંવાર યાદ રહે કે એના માટે તમારી કેટલી મહેનત કરવી જરુરી છે. પોતાની વાંચવાની જગ્યા આગળ તમે ધારેલા ટકાને એક કાગળ પર લખીને લગાવી દો કે જેથી કરીને તમારો ધ્યેય તમારી નજર સમક્ષ રહે. ઊંચી ટકાવારીથી પાસ થવાનો ફાયદો તમને એ થશે કે તમને ફ્રી સીટમાં એડમીશન મળશે. ગવર્મેન્ટ કૉલેજમાં ફી સીટમાં એકદમ ઓછી હશે હશે જયારે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજમાં ફી એટલી બધી હશે કે જે તમે એકાદ ભરી શકવા સમક્ષ ન હોવ.

સારા ટકા લાવવા માટે એકાદ વર્ષની મહેનત કામ ન લાગે પરંતુ એના માટે છેલ્લા પાંચ વર્ષથી તમારે અભ્યાસનું યોગ્ય આયોજન કરવું પડે. યોગ્ય આયોજન સાથે સમયપત્રક બનાવીને અભ્યાસ કરશો તો કોઈની તાકાત નથી કે તમને સારા ટકા લાવતા રોકી શકે.

આપણા મગજમાં જે દુષણો ઘૂસે તેને ઘૂસવા ન દો. વિદ્યાર્થીઓની આ ઉંમર - ટીનએજ એવી છે કે જેમાં એમનું માઈન્ડ ડાઈવર્ટ થાય - ટીનએજર્સ ઈન ડેઝર્સ - પરંતુ એના માટે કંટ્રોલ ખૂબ જ જરુરી છે. ટી.વી. મોબાઈલ, ખાવાનું બધું અહીં જ રહેવાનું છે પરંતુ ભણવાનો સમય એક વખત જતો રહે એ ફરી આવવાનો નથી. તમે જો તમારા અભ્યાસકાળના અગત્યના પાંચ વર્ષ વ્યવસ્થિત મહેનત કરશો તો આખી જિંદગી મજા કરશો પણ જો આ અગત્યના વર્ષો મોજ-મજા કરવામાં વેડફી નાખશો તો આખી જિંદગી હાર્ડવર્ક (મજૂરી) કરવી પડશે. પસંદગી તમારી છે કે તમારે શું કરવાનું છે. તમે એક એચીવમેન્ટ મેળવી લો પછી તમે ઈચ્છો તે કરી શકશો. પરંતુ એ ત્યારે જ શક્ય બને છે કે જયારે તમે અભ્યાસ પ્રત્યે પુરેપુરું ધ્યાન આપો.

પરદેશમાં આપણા ભારતીય યુવાનોની ઘણી કિંમત છે. ભારતના યુવાનોમાં જે નોલેજ તે કોઈનામાં નથી પરંતુ તકલીફ એ છે કે આપણે જ એ માનતા નથી કારણ કે આપણે આપણી વર્તુળની મર્યાદામાંથી બહાર આવતા નથી. ઘણાં યુવાનો એવા હોય છે કે તેઓ પોતાના વતનથી બહાર જવા માગતા નથી. તમારે તમારું ટેલેન્ટ બહાર લાવવું જોઈએ, એ માટે જયાં તક મળે ત્યાં બહાર જવું જોઈએ.

માતાપિતા, વાલીઓએ પોતાના બાળકને એક સપનું આપવું જોઈએ. એ સપનું સેવવામાં એને મદદ કરવી. મા-બાપ અને બાળકો વચ્ચેનું અંતર છે તે ઘટાડવું જોઈએ. એમની સાથે મિત્રની જેમ વર્તવું જોઈએ. જેઓ આપણને ખૂબ પ્રેમ કરે છે, તેઓ જ આપણને આપણા ભલા માટે વારંવાર ટોકતા હોય છે માટે બાળકોએ પણ એવું વિચારવું ન જોઈએ કે માતાપિતા મને વારેવારે ટોકે છે.

આજના યુવાનોમાં ખુબ જ શક્તિ છે પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કયાં અને કેવી રીતે કરવો તેની એમને ખબર નથી. આના માટે તેમને યોગ્ય દિશા બતાવવી ખુબ જ જરુરી છે. તેને યોગ્ય પ્રોત્સાહન આપવું જરુરી છે. તેમની સાથે પ્રેમથી વર્તો, તેની બધી વાત શાંતિથી સાંભળો, બાળકની કંઈ ભૂલ થાય તો તેને શાંતિથી સમજાવી યોગ્ય સલાહ આપો.

બધા બાળકોએ રોજ એકવાર પોતાના માતાપિતા અને વડીલોને પગે લાવવું જોઈએ. માતાપિતાએ પણ રોજ બાળકોને એકવાર પ્રેમથી આશીર્વાદ આપીને ગળે લગાડવા જોઈએ. આમ કરવાથી બાળકના શરીરમાં એક પ્રકારની ઉર્જાનો સંચાર થશે. આવું જો રોજ થશે તો મનમુકીને દિલ ખોલીને પોતાની વાત માતાપિતાને કરી શકશે અને તમારા ખભા પર માથું મુકીને હસી કે રડી શકશે. પછી કોઈની તાકાત નથી કે કોઈ માતા-પિતા ફરિયાદ કરી શકે છે કે મારું બાળક બગડી ગયું છે. માતાપિતાએ પણ તેમના વડીલોને આદર સન્માન આપવું જોઈએ. જેથી કરીને બાળકો પણ તમારું અનુકરણ કરશે.

આ ભધું ભૂલી નથી જવાનું અને આને નિત્યક્રમ બનાવવાનો છે. માતાપિતાએ પોતાના બાળકોને પુરતો સમય આપવો જરુરી છે. વાલી પૈકી માતા-બાળકની સૌથી નજીક હોય છે. આથી તે પુરતો સમય આપી શકે. પરંતુ પિતાએ પણ આખા દિવસમાં બાળકને ૩૦-૪૦ મિનિટ ફાળવીને તેની સાથે સમય પસાર કરવો જોઈએ. દિવસમાં એક વખત જમવા સાથે બેસીને પણ માતા-પિતા બાળકને સમય આપી શકે. બાળકને ગુણવત્તાસભર સમય આપો જેથી કરીને બાળકને પોતાને અહેસાસ થાય કે તમે એની સાથે છો.

ઘણા વિદ્યાર્થીને વાંચતી વખતે ઊંઘ આવે છે. તેનું કારણ એ છે કે મગજનો પુરતો ઓક્સિજન મળતો નથી. આના માટે પ્રાણાયામ રોજ કરવાથી ખૂબ ફાયદો થાય છે અને મગજને પુરતો ઓક્સિજન મળશે. જેથી શરીરમાં સ્ફુર્તિ આવશે અને યાદશક્તિ પણ વધશે. આખા દિવસમાં પાંચેક મિનિટ આ પ્રાણાયામ કોઈ પણ સમયે તમે કરી શકશો.

છેલ્લે પ્રમુખસ્વામી મહારાજના ઉદગાર યાદ કરી લઈએ.

પુરુષાર્થ + પ્રાર્થના = સફળતા

# સાપ પોતાની લંબાઈનો ત્રીજો ભાગ કોઈ પણ આધાર વિના ઊંચો કરી શકે છે, તેનામાં બદલો લેવા જેવી યાદશક્તિ નથી

**હરિયાળું હરણોદ્યાન**
**- નટવર હેડાઉ**

(ગયા અંકથી આગળ...)

જેમાં સૌ પ્રથમ ભારત અને ગુજરાતમાં મળતા સાપની વિવિધતા વિષે વાત કરવામાં આવતી. જે જાણી લોકોને આશ્ચર્ય પણ થતું અવધુ જાણવાની ઇંતેજારી પણ થતી. તેમનામાં વધતી ઉત્સુકતા જોયા પછી માનવ વસવાટની આસપાસના ઝેરી અને બિનઝેરી સાપની ત્રણ ચાર જાતોનું નિદર્શન અને તેની જૈવિકી વિષે ચર્ચા કરવામાં આવતી. તે સાથોસાથ સાપના જીવન અને શરીર રચના અંગેની વિગતો તેમજ ઝેરી-બિનઝેરી સાપ વચ્ચેના તફાવત અને તેને ઓળખવા માટેની સામાન્ય પણ ધ્યાનપાત્ર કહી શકાય તેવી વિગતો સમજાવી સાપ વિશેની માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓનું વૈજ્ઞાનિક માહિતી તથા પ્રત્યક્ષ પ્રયોગો દ્વારા ખંડન કરવામાં આવતું. તે ઉપરાંત સર્પદંશથી બચવા માટેની તકેદારી કરવાની કામગીરી અંગે પ્રત્યક્ષ નિર્દર્શન કરી બતાવાતું હતું. વધુમાં વધુ સાપનો પર્યાવરણમાં ફાળો અને તેનું પરિસ્થિતિકીય યોગદાન સમજાવ્યા પછી પ્રશ્નોત્તરી યોજાતી. જે ખુબ જ રસપ્રદ રહેતી.

સામાન્ય રીતે પર્યાવરણ શિક્ષણમાં ફિલ્મ, સ્લાઈડ, ફોટો, પુસ્તકો, ચિત્રો વગેરેનો ઉપયોગ થતો હોય છે પણ સર્પ નિદર્શન આ બધાથી અલગ છે. જેના વિષે માહિતી આપવાની છે તે એટલે કે સાપ પ્રત્યક્ષ હોય છે : આ રીતે પ્રત્યક્ષ આપવામાં આવેલ માહિતી વધુ અસરકારક રહે છે. એ તેનું પહેલું જમા પાસું છે. વળી આ નિદર્શનમાં માત્ર સાપ બતાવવામાં આવે એવું નથી. પરંતુ લોકો એક-બે બિનઝેરી સાપને નજીકથી જોઈ અને અડકી શકે એવી પણ તક મળે છે. લોકોની સાપ વિષેની ભયની લાગણી દૂર માન્યતાઓ અને અંધશ્રદ્ધાના ખંડનની સાપને માટે સમાજમાં જે નકારાત્મક વલણ ઉદ્ભવેલ છે. તેને હકારાત્મક અને સાનુકૂળ વલણમાં ફેરવી દેવાય છે. જેના કારણે સાપનો કારણ વિનાનો વિનાશ અટકાવવાની શક્યતા ઉજવી શકે છે.

સાપ વિષે કેટલીક સાચી માહિતી જોઈએ તો સાપ પોતાની લંબાઈનો ત્રીજો ભાગ કોઈ પણ આધાર વિના ઊંચો કરી શકે છે. તેનામાં બદલો લેવા જેવી યાદશક્તિ નથી. સાપ ઊડી શકતો નથી. ભઈ ઉડવા માટે પાંખો જોઈએ ને... સાપને કયારેય દૂધ પીતો નથી. પરંતુ બંધનાવસ્થામાં હોય તો પાણીની જરૂરિયાત સંતોષવા પ્રવાહી પીવે છે. સાપને વાળ કે મુંછો હોતા નથી. તે રુપ બદલી શકતો નથી. તેનામાં ક્રોસ મેટીંગ હોતું નથી. માદા હંમેશા નરથી મોટી હોય છે. સાપ સંગીત માણી શકતો નથી. કોઈ ભાષાનું જ્ઞાન ધરાવતો નથી. બધા જ સાપ તરી શકે છે અને ઝાડ પણ ચડી શકે છે.

સાપનું સરેરાશ આયુષ્ય ૨૦ વર્ષ છે. કોઈ સાપને બે મોઢાં હોતા નથી કે તેને સ્વાદની ખબર પડતી નથી. ઝેરી સાપને બે મોટા દાંત હોય છે. તે શિકારના શરીરમાં દાંટ વાટે ઝેર દાખલ કરી તેને બેહોસ કરી શિકારને આખેઆખો ગળી જાય છે. આ ઝેર તેને માટે પાચક રસ છે. બીન ઝેરી સાપના દાંત જીણાં એક સરખા અને નહોર હોય છે. તે દાંતનો ઉપયોગ કાપવા, ચીરવા કે ચાલવા માટે કરતો નથી પણ ખોરાકને અંદરની તરફ ધકેલવા માટે કરે છે. પોચી જમીનમાં રહેતા સાપોની આંખો ઝીણી હોય છે તેને પાંપણ હોતી નથી. પણ આંખના રક્ષણ સાથે પારદર્શક આવરણ પુરું પાડે છે. સાપ કાચલી ઉતારે ત્યારે આ આંખ પરનું આવરણ ઉતારી નાખે છે અને કાંચલીની જેમ તેની જગ્યાએ આંખ પરનું નવું આવરણ આવી જાય છે. સાપને પોતાની વૃદ્ધિ માટે કાંચલીનું આવરણ ઉતારવું પડે છે. કાંચલી ઉતારતાં પહેલાં સાપ બેચેની અનુભવે છે.

તેથી ખોરાક લેતો નથી. કાચલી ઉતાર્યા બાદ ખોરાકની શોધમાં નીકળી પડે છે. તેની આંખ સ્થિર વસ્તુ સ્પષ્ટ પણે અનુબવી શકતી નથી. હલનચલન તીવ્રતાથી અનુભવી શકે છે. સાપની વસ્તુ નિયંત્રિત કરે તે માટે કુદરતની વ્યવસ્થા એવી છેકે નોળીયા, સાપમાર ગરુડ, સમડી વિગેરે સાપોનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. આપના નાના બચ્ચાને મારે કો મહુડો આરોગે છે. સાપ જે સાપને ખાય તેને કેની બાબિઝમ કહેવાય છે. સાપને હાથપગ વિનાનું નિઃસહાય પ્રાણી છે. જા સાપો દિવસે ફરે છે તેની કીકીઓ ગોળ હોયછે. કાળોતરા જેવા સાપ જીવનપર્યંત ઝાડ પર રહે છે. જરુર પુરતા જ નીચે ઊતરે છે. વિશ્વભરમાં સાપની ૨૯૧૧ જાતો નોંધાયેલી છે. જેમાં ભારતમાં ૨૫૨ જાતિના સાપ અને ગુજરાતમાં ફક્ત ૫૨ જાતના સાપ જોવા મળે છે તે પૈકી આપણે ત્યાં જમીન ઉપરના સાપમાં ચાર પ્રકારના સાપ ઝેરી છે. જેમ કે કાળોતરો, નાગ, ખડચિતરો અને ફૂરસો જયારે સમુદ્રના કહેલાક સાપ ઝેરી છે. પણ તેના દંશના બનાવો ખાસ બનતા નથી. બીન ઝેરી સાપ પણ કરડે છે. પરંતુ તેમાં ઝેર ન હોવાથી સામાન્ય ઉઝરડા કે ટાંચણી વાગી હોય તેમ થોડું લોહી નીકળે છે. બાકી કંઈ થતું નથી.

ખેતરના પાકને થતાં નુકસાનમાં સાપ ખેડૂતનો સાચો મિત્ર છે કેમ કે સાપ દ્વારા ઉંદરની સંખ્યાના નિયંત્રણથી થતા ફાયદા વિશે લોકોમાં જાગૃતિ આવતી જાય છે. મહાદેવજીના ગળામાં આભૂષણ તરીકે શોભતો સાપ અને ઉંદર ગણેશજીનું વાહન છે. તે બંને ધાર્મિક ઉપરાંત પરિસ્થિકિય રીતે પણ સંકળાયેલા છે. તે વાત વધુ પ્રચલિત બની છે. જેનાં પરિણામે ઘરમાં કે વસવાટની આસપાસના વિસ્તારોમાં જોવા મળેલ સાપને પકડીને લઈ જવાની વિનંતીના ફોન, આવતા થયા છે. જેના કારણે ઘણા સાપ બચાવી શકાયા છે.

ગુજરાતમાં ઘણાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં યુવાનો સાપને પકડવાની તાલીમ મેળવી સાપને પકડી બચાવી અને યોગ્ય કુદરતી સ્થળે મુકત રીતે છોડી દેવાની સુંદર પ્રવૃત્તિ થઈ રહી છે.

મને બરાબર યાદ છે થોડાં વર્ષો પૂર્વે ૫મી જૂન એટલે કે વિશ્વ પર્યાવરણ દિન હતો. યોગાનુંયોગ એ મારો જન્મદિવસ પણ છે. તે દિવસે સાંજે પર્યાવરણ કાવ્યોત્સવનું આયોજન કરેલું. ઘણાં બધાં કવિ મિત્રો તેમાં ભાગ લેવા આવેલા. તે સૌ પ્રકૃતિ ઉદ્યાન જૂએ તેવી મારી ઈચ્છા હતી. તેથી સૌને પ્રકૃતિ ઉદ્યાન બતાવવાનો નિર્ણય કર્યો અને સૌને સાથે લીધા. દૂર દૂરથી આવેલા ગુજરાતના કવિઓ અને સાહિત્યકારોનું આગમન મારે માટે ગર્વ, આનંદ, ઉત્સાહ અને ભાવભીના સ્નેહમિલનનો પ્રસંગ હતો. આવા સમયે સૌનું સ્વાગત સન્માન પણ કરવું જરુરી તો ખરું જ ને. સામાન્ય રીતે ફૂલોના હાર કે પુષ્પગુચ્છ (બુકે) અથવા નવા ચલણ મુજબ એટલે કે પુસ્તકથી સન્માન કરાયું હોય છે પણ હું અહીં નવો ચીતો ચાતરવા માંગતો હતો. મેં પાર્ક વોર્ડનની કચેરી પાસે બધાને એકત્ર કરી સર્પ નિદર્શનનો કાર્યક્રમ યોજયો હતો તે અંતર્ગત બધાનું સ્વાગત સન્માન ભગવાન શંકરની જેમ ગલામાં સાપ પહેરાવીને કર્યું એ યાદગાર પ્રસંગ મિત્રોને માટે જીવનભરનું સંભારણું બની રહ્યો હતો. અને મારા માટે પણ કેમ કે આ કાવ્યોત્સવમાં ભાગ લેવા ગુજરાતી વરિષ્ઠ કવિઓ હરિકૃષ્ણ પાઠક, કિશોરસિંહ સોલંકી, ઉજમશી પરમાર, કનૈયાલાલ પંડ્યા, ભાનુપ્રસાદ પુરાણી પ્રદીપ આઝાદ, ભરત કવિ 'ઊર્મિલ', ડૉ. કેશુભાઈ દેસાઈ, દલપત પઢિયાર, બાબુધન ગઢવી, અનંત પટેલ, હરિવદન ભટ્ટ, દિનેશ દેસાઈ, તેમજ કવયિત્રીઓમાં પ્રજ્ઞા પટેલ, જયશ્રી ખેતિયા, મિલત્ત રાજગોર, લતા હિરાણી આવ્યા હતા. પ્રકૃતિ કાવ્યોની એ મહેલફિલ મોડી રાત સુધી ચાલી હતી.

આજે પણ જયારે કોઈ મિત્રો મળે છે ત્યારે એ પ્રસંગને યાદ કરે છે. ઘણા કવિ સાહિત્યકાર મિત્રોએ તો સર્પ નિદર્શનના પોતાના અનુભવને કાવ્ય, વાર્તા કે લેખ રુપે કૃતિઓમાં ઉતાર્યાનું જાણ્યું ત્યારે તે દ્વારા છેવટે તો પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ બહુજન સમાજ સુધી પહોંચાડવામાં અને નિમિત્ત બનાયું એ જ મોટી વાત છે.

(સંપૂર્ણ)